RNI NO GUJ/GUJ/2005/23890

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ પોષ વદ -૧૨ | ગુરૂવાર, તા.૧૫-૦૧-૨૦૨૬ | અંક : ૧૬ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# અમેરિકાએ ૭૫ દેશોના અરજદારો માટે વિઝા પ્રક્રિયા સ્થગિત કરી

## અમેરિકન ટેક્સ પેયર્સના નાણા બચાવવા અને વેલ્ફેર સ્કીમના થતાં દૂરઉપયોગને રોકવામાં માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનો દાવો

વોશિંગ્ટન

અમેરિકાએ વિઝા ધારકો અંગે મોટો નિર્ણય લીધો છે. જેમાં અમેરિકાને ૭૫ દેશોના અરજદારો માટે વિઝા પ્રક્રિયા પર રોક લગાવી દીધી છે. અમેરિકન ટેક્સ પેયર્સના નાણા બચાવવા અને વેલ્ફેર સ્કીમના થતાં દૂરઉપયોગને રોકવામાં માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ કાર્યવાહી એવા અરજદારોને ધ્યાનમાં રાખીને કર્યો છે કે ખાસ કરીને સરકારી સહાય પર નભતા હતા. અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટના જણાવ્યા અનુસાર અમેરિકા પોતાની જૂની શક્તિઓનો ઉપયોગ અમેરિકન જનતાનો ફાયદો ઉઠાવનારા અને કલ્યાણ યોજનાઓ પર નિર્ભર બનનારાઓને રોકવા માટે કરશે.




ટ્રમ્પ વહીવટીતંત્રે સોમાલિયા, રશિયા, અફઘાનિસ્તાન, બ્રાઝિલ, ઈરાન, ઈરાક, ઈજિપ્ત, નાઈજીરીયા, થાઈલેન્ડ, યમન અને અન્ય દેશોના નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. જેમાં સોમાલિયા અમેરિકન અધિકારીઓ દ્વારા કડક તપાસ હેઠળ છે. મિનેસોટામાં આ કાર્યક્રમોના વ્યાપક દુરુપયોગના ખુલાસા બાદ ઉચ્ચ તપાસ કરવામાં આવી હતી. જેમાં ટેક્સ પેયર્સના નાણાંથી ચાલતા વેલ્ફેર પ્રોગ્રામનો દૂરઉપયોગ પ્રકાશમાં આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે હજારો લોકો ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કરીને સરકારી સહાય મેળવી રહ્યા હતા.

આ ઉપરાંત અમેરિકામાં નવેમ્બર ૨૦૨૫ માં જાહેર કરાયેલા નિર્દેશો બાદ કોન્સ્યુલર અધિકારીઓ હવે સ્વાસ્થ્ય, ઉંમર, અંગ્રેજી ભાષાની નિપુણતાનો અભાવ અને નાણાકીય સ્થિતિના આધારે વિઝા નકારી શકે છે. નવા નિયમો હેઠળ, વૃદ્ધ અથવા વધુ વજનવાળા અરજદારોને પણ વિઝા નકારી શકાય છે. આ ઉપરાંત ભૂતકાળમાં સરકારી રોકડ સહાય મેળવનાર અથવા લાંબા ગાળાની તબીબી સારવારની જરૂર હોય તેવી શક્યતા ધરાવતા કોઈપણ વ્યક્તિને અમેરિકામાં પ્રવેશવાથી પ્રતિબંધિત કરવામાં આવશે. વહીવટીતંત્રનો ધ્યેય એવા વિદેશી નાગરિકોને અટકાવવાનો છે જે અમેરિકન જાહેર સંસાધનો પર બોજ બની શકે છે.

# ભોપાલમાં ટ્રેક્ટર અને લોડીંગ વાહન વચ્ચે અકસ્માતમાં પાંચ લોકોના મોત

## મકર સંક્રાંતિ પર્વે પરિવાર પવિત્ર નદીના સ્નાન માટે જઈ રહ્યો હતો ત્યારે સર્જાયો અકસ્માત : ૧૨ લોકોને નાનીમોટી ઈજા

ભોપાલ

મધ્ય પ્રદેશના ભોપાલ જિલ્લાના બેરસિયા થાણા વિસ્તારમાં આવેલા વિધા વિહાર સ્કૂલ પાસે એક ટ્રેક્ટર-ટ્રોલી અને લોડિંગ વાહન વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં એક જ પરિવારના ૦૫ સભ્યોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે ૧૨થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃતકો તમામ વિદિશા જિલ્લાના સિરોંજ વિસ્તારના રહેવાસી હતા અને એક જ પરિવારના સભ્યો હતા. મકર સંક્રાંતિના પવિત્ર પર્વ નિમિત્તે આખો પરિવાર લોડિંગ વાહનમાં સવાર થઈને હોશંગાબાદ ખાતે નદીમાં સ્નાન કરવા માટે જઈ રહ્યો હતો. સવારના સમયે જ્યારે તેમનું વાહન બેરસિયા પાસે પહોંચ્યું, ત્યારે સામેથી આવી રહેલી એક ટ્રેક્ટર-ટ્રોલી સાથે તેમની ધડાકાભેર ટક્કર થઈ હતી.

ટક્કર એટલી ભીષણ હતી કે લોડિંગ વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાં સવાર લોકો અંદર ફસાઈ ગયા હતા. આ દુર્ઘટનાને કારણે ઘટનાસ્થળે ચારેબાજુ ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પાંચ લોકોએ તો ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો, જ્યારે અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને એસડીએમ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે પાંચેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હમીદિયા હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. ઘટનાની ગંભીરતાને જોતાં બેરસિયાના એસડીએમ આશુતોષ શર્મા, એએસપી નીરજ ચૌરસિયા અને ધારાસભ્ય વિષ્ણુ ખત્રીએ હોસ્પિટલ પહોંચીને ઘાયલોના હાલચાલ પૂછ્યા હતા અને ડોક્ટરોને શ્રેષ્ઠ સારવાર આપવા માટે નિર્દેશ આપ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી દીધી છે.

# ગ્રીનલેન્ડને અમેરિકાથી બચાવવા NATOના છ દેશ મેદાનમાં આવ્યા

## સ્વીડન, નોર્વે, જર્મની, ફ્રાંસ, નેધરલેન્ડ અને કેનેડાની સેનાએ ગ્રીનલેન્ડ જવાની કરી તૈયારી

નુક

વિશ્વના સૌથી મોટા ટાપુ ગ્રીનલેન્ડને લઈને ફરી આંતરરાષ્ટ્રીય સ્તરે ગરમાવો જોવા મળી રહ્યો છે. વેનેઝુએલાના પેટ્રોલિયમ ભંડારો પર કબ્જો મેળવ્યા બાદ હવે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નજર ડેનમાર્કના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ પર છે. અમેરિકા ગ્રીનલેન્ડને પણ ધમકી આપી ચૂક્યું છે. જેને લઈને ગ્રીનલેન્ડે બીજા દેશોની મદદ માંગી છે. ત્યારે હવે છ દેશોની સેનાએ ગ્રીનલેન્ડ પહોંચવાની તૈયારી કરી છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ, ગ્રીનલેન્ડને અમેરિકાથી બચાવવા માટે NATOના દેશો સક્રિય થયા છે. ડેનમાર્કના આહ્વાનથી અત્યારસુધી NATOના છ દેશો પોતાની સેના અથવા સૈનિકોને ગ્રીનલેન્ડ મોકલી રહ્યા છે. આ દેશોમાં સ્વીડન, નોર્વે, જર્મની, ફ્રાંસ, નેધરલેન્ડ અને કેનેડાનો સમાવેશ થાય છે. જોકે, સેના મોકલવાની પહેલ સ્વીડને કરી હતી.

સ્વીડનના વડા પ્રધાન ઉલ્ફ ક્રિસ્ટર્સને જણાવ્યું હતું કે, અમારો દેશ ડેનમાર્તના અનુરોધને લઈને ગ્રીનલેન્ડમાં સૈનિકો મોકલી રહ્યો છે.

# ગોલ્ડન ડોમ માટે ગ્રીનલેન્ડ પર કબજો જરૂરી : ટ્રમ્પ

## બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા બાદ જાહેરાત કરી હતી કે તેઓ ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ જ માને છે




વોશિંગ્ટન

અમેરિકાએ વેનેઝુએલા પર હુમલો કરીને તેને કબજે લીધા બાદ હવે તેની નજર ગ્રીનલેન્ડ પર છે. જે અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરી છે અને જણાવ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે ગ્રીનલેન્ડ જરૂરી છે. અમે જે ગોલ્ડન ડોમ બનાવી રહ્યા છીએ તેના માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

ટ્રમ્પે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું છે કે, આપણે તેની માટે નાટોનું નેતૃત્વ કરવું પડશે. જો આપણે નહીં કરીએ, તો રશિયા કે ચીન કરશે અને તે થવાનું નથી. અમેરિકાની વિશાળ લશ્કરી તાકાત વિના જેમાંથી મોટાભાગની મેં મારા પહેલા કાર્યકાળ દરમિયાન બનાવી હતી અને હવે તેને ઉચ્ચ સ્તરે લાવી રહ્યો છું. તેમજ નાટો અસરકારક બળ કે અવરોધક નહીં બને. અમેરિકા પાસે ગ્રીનલેન્ડ હોવાથી નાટો વધુ શક્તિશાળી અને અસરકારક બને છે. તેનાથી ઓછું કંઈ પણ સ્વીકાર્ય નથી. આ બાબત પર તમારા ધ્યાન બદલ આભાર

ડોનાલ્ડ ટ્રમ્પની આ ટ્વીટથી ગ્રીનલેન્ડ સહિત નાટો દેશોમાં ગભરાટ ફેલાયો છે. ટ્રમ્પે વર્ષ ૨૦૨૫ માં બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા બાદ જાહેરાત કરી હતી કે તેઓ ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ માને છે અને તેને કબજે કરશે. આ પછી ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર નજર રાખી છે. ટ્રમ્પે હવે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ગ્રીનલેન્ડથી ઓછું કંઈ સ્વીકારશે નહીં અને તે તેને કબજે કરશે. વેનેઝુએલા પર તાજેતરના હુમલા અને તેના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને લશ્કર દ્વારા બંધક બનાવીને અમેરિકા લઈ જવા પછી ટ્રમ્પે આ ચેતવણી આપી છે.

# એશિયન દેશોમાં ભારતીય પાસપોર્ટની તાકાત વધી

## ભારતીય નાગરિકો હવે ૫૫ દેશોમાં વિઝા-ફ્રી, વીઝા ઑન અરાઈવલ દ્વારા પ્રવાસ કરી શકશે

નવી દિલ્હી

વિશ્વમાં જેટલા દેશો આવેલા છે તેમાં કયાં દેશનો પાસપોર્ટ કેટલો મજબૂત છે તેનો એક રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. ભારતીય પાસપોર્ટની તાકાત વધી છે. એટલું જ નહીં, પરંતુ આ વર્ષે પણ એશિયાના દેશોના પાસપોર્ટની તાકાત વધી છે.

વિગતે જોઈએ તો સિંગાપુરનો પાસપોર્ટ દુનિયામાં સૌથી વધારે શક્તિશાળી છે. સિંગાપુરના નાગરિકો ૧૯૨ દેશમાં વિઝા વિના પ્રવાસ કરી શકે છે. આ યાદીમાં જાપાન અને ઉત્તર કોરિયા બીજા નંબરે આવે છે, ત્યાર બાદ ૧૮૮ દેશો સાથે યુએઈ પાંચમા સ્થાને આવે છે.

ભારત ૫ ક્રમ ઉપર ચડીને ૮૦મા ક્રમે પહોંચી ગયો છે, જ્યાં આલ્જીરિયા સાથે સમાન સ્થાન હવે ભારતીય નાગરિકો ૫૫ દેશોમાં વિઝા-ફ્રી, વીઝા ઑન અરાઈવલ દ્વારા પ્રવાસ કરી શકે છે. ૨૦૨૫માં ભારત ૮૫મા સ્થાને હતું. જેમાં સુધારો આવ્યો છે.

આ સુધારાથી ભારતીયોને એશિયા, આફ્રિકા, ઓશનિયા, કેરેબિયન અને મધ્ય પૂર્વમાં સરળતા મળશે. વિઝા-ફ્રી દેશોમાં થાઈલેન્ડ, મલેશિયા, મોરિશસ, નેપાળ, બાર્બાડોસ, ફિજી, સેન્ટ વિન્સેન્ટ એન્ડ ગ્રેનેડાઈન્ઝનો સમાવેશ થાય છે. જ્યારે વીઝા ઑન અરાઈવલ/ ETAમાં ઈન્ડોનેશિયા, માલદીવ, શ્રીલંકા, કેન્યા, જોર્ડન, ફિલિપાઈન્સનો સમાવેશ થાય છે.

૮૫મા રેન્ક પરથી ભારત ૮૦મા ક્રમે આવ્યું છે. આ રિપોર્ટ પ્રમાણે આગામી સમયમાં ભારતીય નાગિરકો માટે વેપાર, પર્યટન અને શિક્ષણ માટે લાભદાયી થઈ શકે છે. આ સાથે ભારતીય નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય પ્રવાસ વધુ સરળ બની શકે છે.

# ટ્રમ્પના ટેરિફ અંગે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ફરી ચુકાદો આપવાનું ટાળ્યું

## કોર્ટે બીજી વખત આ મામલે નિર્ણય ટાળ્યો : આગામી સુનાવણી અંગે પણ કોઈ નિર્દેશ ન આપ્યો

વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા 'રેસિપ્રોકલ ટેરિફ' પર અમેરિકન સુપ્રીમ કોર્ટે કોઈ ચુકાદો આપ્યો નથી. કોર્ટે આ મામલે બીજી વખત નિર્ણય ટાળ્યો છે. અગાઉ ૯ જાન્યુઆરીએ પણ કોર્ટે આ કેસમાં ચુકાદો આપવાનું ટાળ્યું હતું. હવે આ કેસ પર ચુકાદો ક્યારે આવશે, તે અંગે કોર્ટ તરફથી હાલ કંઈ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. સુપ્રીમ કોર્ટે આજે ત્રણ અન્ય કેસમાં ચુકાદા જરૂર આપ્યા હતા, પરંતુ ટેરિફ અંગેના કેસ પર ન તો કોઈ ચર્ચા થઈ અને ન તો સ્પષ્ટતા કરવામાં આવી કે આગામી સુનાવણી ક્યારે હાથ ધરવામાં આવશે. આ મામલો હાલ અનિશ્ચિતતામાં ફસાયેલો છે.આ કેસ એ બાબતની તપાસ સાથે જોડાયેલો છે કે શું રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે પોતાના બંધારણીય અને કાયદાકીય અધિકારોની મર્યાદા ઓળંગીને લગભગ તમામ મોટા અમેરિકી વ્યવસાયિક ભાગીદારો પર ૧૦% થી ૫૦% સુધીનો ટેરિફ એકતરફી રીતે લાગુ કરી દીધો છે?

ટ્રમ્પે આ ટેરિફને યોગ્ય ઠેરવવા માટે ૧૯૭૭ના 'ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ' નો ઉપયોગ કર્યો હતો અને વ્યાપારિક નુકસાન તથા ફેન્ટાનિલ જેવા બિનકાયદેસર ડ્રગ્સની તસ્કરીને 'રાષ્ટ્રીય કટોકટી' ગણાવી હતી.બીજી તરફ, ડેમોક્રેટ શાસિત ૧૨ અમેરિકન રાજ્યોના ડેમોક્રેટિક ઝુકાવ ધરાવતા વેપારીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે.

# મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી : શાંતિપૂર્ણ માહોલમાં મતદાન શરૂ

## મુંબઈ ઉપરાંત રાજ્યની ૨૮ મહાનગરપાલિકાની પણ આજે ચૂંટણી



મુંબઈ

મહારાષ્ટ્રમાં આજે રાજકીય દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ દિવસ છે. રાજ્યની આર્થિક રાજધાની મુંબઈ સહિત કુલ ૨૯ મહાનગરપાલિકાઓ માટે આજે સવારે ૭:૩૦ વાગ્યાથી મતદાન શરૂ થઈ ગયું છે, જે સાંજે ૫:૩૦ વાગ્યા સુધી ચાલશે. આ ચૂંટણીને ૨૦૨૨માં શિવસેનાના વિભાજન બાદ મહારાષ્ટ્રના રાજકારણની દિશા નક્કી કરનારી 'અગ્નિપરીક્ષા' માનવામાં આવી રહી છે.

આ ચૂંટણી રાજકીય રીતે ખૂબ જ મહત્વની છે. એક તરફ શિવસેનાના વિભાજન બાદ ઉદ્ધવ ઠાકરે મુંબઈમાં પોતાનું રાજકીય વર્ચસ્વ પાછું મેળવવા માટે તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરે સાથે ગઠબંધન કરીને મેદાનમાં ઉતર્યા છે. તો બીજી તરફ, ભાજપ-શિવસેના (શિંદે જૂથ) ગઠબંધન વિધાનસભા ચૂંટણીમાં શાસક મહાયુતિના દમદાર પ્રદર્શન બાદ પોતાની પકડ વધુ મજબૂત કરવા માંગે છે. મતદાન શરૂ થતાં જ નાગપુરમાં આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે સવાર-સવારમાં પોતાનો મત આપ્યો હતો. મુંબઈમાં, બોલિવૂડ અભિનેતા અક્ષય કુમારે પણ વહેલી સવારે મતદાન કર્યું. મત આપ્યા બાદ તેમણે મુંબઈના નાગરિકોને મુંબઈવાસી હોવાના નાતે, આજે રિમોટ કંટ્રોલ આપણા હાથમાં છે. જો આપણે મુંબઈના અસલી હીરો બનવું હોય, તો આપણે ડાયલોગબાજી ન કરવી જોઈએ, પરંતુ બહાર આવીને પોતાનો મત આપવો જોઈએ."

બૃહદ મુંબઈ મહાનગરપાલિકાના ૨૨૭ વોર્ડ માટે કુલ ૧,૭૦૦ ઉમેદવારો મેદાનમાં છે. મુંબઈના ૧.૦૩ કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં ૫૫.૧૬ લાખ પુરુષ, ૪૮.૨૬ લાખ મહિલા અને ૧,૦૯૯ અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે મુંબઈ પોલીસે સુરક્ષાના કડક બંદોબસ્ત કર્યા છે. ઠેર-ઠેર બેરિકેડિંગ કરવામાં આવી છે અને વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. ચૂંટણી પંચે મતદારોની સુવિધા માટે મહિલાઓ દ્વારા સંચાલિત 'પિંક પોલિંગ બૂથ' બનાવ્યા છે અને વરિષ્ઠ નાગરિકોની મદદ માટે વિશેષ ટીમો તૈનાત કરી છે. સાંજે મતદાનના અંતિમ કલાકોમાં ભીડને નિયંત્રિત કરવા માટે ટોકન સિસ્ટમ પણ શરૂ કરવામાં આવી છે.